<u>ક્રિ.ઈન્કારી નં.26–2022</u>

**:: આંક–૩૩ નીચે હુકમ ::**

(૧) સદર કામે ફરીયાદીએ આંક–૩૩ થી અરજી રજુ રાખી ભોગ બનનારનાં નીવેદનો રેકર્ડ કરવાની અરજી આપેલ છે. જે અરજીની હકીકત જોવામાં આવે તો આ કામના ફરીયાદીએ નામદાર કોર્ટમા સદર કામનાં આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ દાખલ કરતા નામદાર કોર્ટે હાલનાં કેસમાં જીલ્લા પોલીસ વડા સુધીનાં અધિકારી ઓ આરોપી તરીકે જોવામાં આવેલ હોય ઉચ્ચ કક્ષાએ ગુનાની તપાસ થાય તે માટે રેન્જ આઈ.જી. અમદાવાદને તપાસ સોપવાનો આદેશ કરવામાં આવેલ જે તપાસનો અહેવાલ પોલીસ અધિક્ષકશ્રી આણંદ ધ્વારા ક્રમાંક જી/પપર /કાર્ટઈન્ક/ અહેવાલ/૮૨૮/૨૦૨૩, તા.૮/૨/૨૩ ના રોજ તપાસ કરી નામદાર કોર્ટમાં રજુ રાખેલ છે. સદર અહેવાલ વંચાણે લેતા પ્રથમ દષ્ટીએ જણાઈ આવે છે કે તપાસનીસ અધિકારી ધ્વારા કુલ(૨૪) આરોપીઓ પૈકી ઓછામાં ઓછા આરોપીઓ સામે ગુનો દાખલ થાય તેવું પ્રયત્ન કરવામાં આવેલ છે. ફરીયાદીની ફરીયાદ વંચાણે લેવામા આવે તો ફરીયાદીના પેરા–૪ માં જણાવ્યા મુજબ ભોગ બનનાર ૧૧ ઈસમો (૧)જહીરમીયા રહેમુમીયા મલેક,(૨) સહેજાદમીયા સોકતમીયા, (૩)સાહીદરજા સાબીરોદીન, (૪)મોહંમદ મોઈન ઈદ્રીસમીયા મલેક, (૫)લતીફમીયા જહીરમીયા,(૬)સકીલમીયા જહાગીરમીયા, (૭)મહંમદ સરીફ ઉર્ફે રાજુ કાલુમીયા મલેક,(૮) આરીફમીયા સુબામીયા, (૯) સાકીરમીયા ઉર્ફે સાદીકમીયા સજ્જાદમીયા મલેક, (૧૦) સદામહેસેન સીદીકમીયા મલેક, (૧૧) મકસુદાબાનુ સોકતમીયા મલેક નાઓ હોવા છતાં તપાસનીસ અધિકારીએ (૧)જહીમરમીયા રહેમુમીયા મલેક, (૨)સાહીદરજા સાબીરોદીન મલેક,(૩)લતીફમીયા જહીરમીયા,(૪)સદામહુસેન સીદીકમીયા મલેક નાઓનાં નીવેદનો નોંધવામાં આવેલ છે બાકીનાં ઈસમોનાં નીવેદનો નોંધવામાં આવેલ. ફરીયાદીની ફરીયાદ વંચાણે લેવામાં આવે તો સ્પષ્ટ

પણે જણાઈ આવે છે કે પોલીસ દ્વારા ભોગ બનનારને ગામનાં ચોકમાં લાવવામાં આવેલ અને તેઓને થાંભલા સાથે બાથ ભીડાવી પોલીસ દ્વારા માર મારવામાં આવેલ જે પૈકી પોલીસ અધિક્ષકશ્રી આણંદ દ્વારા ક્રમાંક જી/૫૫ર/કાર્ટઈન્ક/ અહેવાલ/૮૨૮/૨૦૨૩, તા.૮/૨/૨૩ ના રોજનાં અહેવાલ મુજબ ભોગ બનનાર ઈસમો પૈકી ચાર ઈસમો નામે (૧)જહીમરમીયાં રહેમુમીયાં મલેક, (૨) સાહીદરજા સાબીરોદીન મલેક, (૩) લતીફમીયાં જહીરમીયાં, (૪) સદામહુસેન સીદીકમીયાં મલેક નાઓનાં નીવેદનો નોંધવામાં આવેલ છે જે તપાસનીસ અધિકારી દ્વારા એક તરફી તપાસ કરી આરોપીનો બચાવ કરવાની તજવીજ કરેલ હોય જેથી સત્ય હકીકતો નામદાર કોર્ટનાં રેકર્ડ ઉપર લાવવા બાકીનાં ભોગ બનનાર ઈસમોનાં નીવેદનો નામદાર કોર્ટનાં રેકર્ડે લાવવા ખુબ જ જરુરી હોય હાલની અરજી કરી અરજ કરેલ છે કે, સદર કામે ફરીયાદી તરફે ફરીયાદનાં કામે ભોગ બનનાર ઈસમો પૈકી (૧) સહેજાદમીયાં સોકતમીયાં, (૨) મોહંમદ મોઈન ઈદ્રીસમીયાં મલેક, (૩) સકીલમીયાં જહાગીરમીયાં,(૪) મહંમદ સરીફ ઉર્ફે રાજુ કાલુમીયાં મલેક, (૫) આરીફમીયાં સુબામીયાં,(૬) સાકીરમીયાં ઉર્ફે સાદીકમીયાં સજ્જાદમીયાં મલેક,(૭) મકસુદાબાનું સોકતમીયાં મલેક નાઓનાં નીવેદનો રેકર્ડ કરવા ન્યાય નાં હીતમાં હુકમ કરવા તથા બીજી યોગ્ય લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) સદર અરજી તથા કામનું રેકર્ડ વંચાણે લીધુ. ફરીયાદીની આંક-૩૩ વાળી અરજી વંચાણે લીધુ. અરજદારનાં વિ.વ.શ્રીની દલીલો સાંભળી. વિ.વ.શ્રી તેમની દલીલમાં એવુ જણાવે છે કે સદર કેસના કામે પોલીસને તપાસ માટે જણાવતાં પોલીસે આંક-૧૦ થી તપાસ રીપોર્ટ રજુ રાખેલ છે. પરંતુ તે તપાસનાં કામે આંક-૧ વાળી ફરીયાદમાં જણાવેલ તમામ સાહેદોનાં નીવેદનો લેવામા આવેલ નથી. જેથી તપાસના કામે સીઆર.પી.સી.ની કલમ-૨૦૨ મુજબ સાહેદ નં.(૧) સહેજાદમીયાં સોકતમીયાં, (૨) મોહંમદ મોઈન ઈદ્રીસમીયાં મલેક, (૩) સકીલમીયાં જહાગીરમીયાં, (૪) મહંમદ સરીફ ઉર્ફે રાજુ કાલુમીયાં મલેક, (૫) આરીફમીયાં સુબામીયાં, (૬) સાકીરમીયાં ઉર્ફે સાદીકમીયાં સજ્જાદમીયાં

મલેક, (૭) મકસુદાબાનું સોકતમીયાં મલેક નાઓનાં નીવેદનો રેકર્ડ કરવા ન્યાયનાં હીતમાં હુકમ કરવા વિનંતી કરેલ છે અને પોતાના કેસનાં સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટનું **RIKHAB BIRANI Vs. THE STATE OF UTTAR PRADESH,** તા.૧૬/૪/૨૦૨૫ ના રોજનો ચુકાદો રજુ કરી તેના ઉપર આધાર રાખેલ છે.

(૩) આ કેસના કામે રેકર્ડ જોવામાં આવે તો સદર કેસની ફરીયાદ તા.૧૦/૧૦/૨૦૨૨ ના રોજ કરવામાં આવેલ છે અને તે પહેલાં નામદાર કોર્ટનાં જે તે સમયેનાં મહેરબાન પ્રિસાઈડીંગ ઓફીસરે રેન્જ આઈ.જી. અમદાવાદને હુકમ કરી કેસની તપાસ જાતે અથવા પોતાના તાબાનાં પોલીસ અધિકારી મારફતે પોતાની દેખરેખ હેઠળ યોગ્ય તપાસ કરાવી દિન-૬૦ માં રીપોર્ટ કરી યોગ્ય અહેવાલ મોકલી આપવા જણાવેલ. ત્યાર બાદ તે હુકમનાં પાલન માટે આંક-૧૦ થી રીપોર્ટ રજુ રાખવામાં આવેલ છે અને તે રીપોર્ટ સામે ફરીયાદીએ તા.૧૮/૧૧/૨૦૨૪ નાં રોજ લેખીત વાંધાઓ રજુ કર્યા છે અને તે વાંધાના પેરા નં.૧૦ માં (એ) આ કામે તપાસનીશ અધિકારી ધ્વારા કુલ ૧૧ વીકટીમ પૈકી માત્ર ચાર વીકટીમના નીવેદન નોધવામાં આવેલ છે. જયારે (૧) સહેજાદમીયાં સોકતમીયાં, (૨) મોહંમદ મોઈન ઈદ્રીસમીયાં મલેક, (૩) સકીલમીયાં જહાગીરમીયાં, (૪) મહંમદ સરીફ ઉર્ફે રાજુ કાલુમીયાં મલેક, (૫) આરીફમીયાં સુબામીયાં, (૬) સાકીરમીયાં ઉર્ફે સાદીકમીયાં સજ્જાદમીયાં મલેક, (૭) મકસુદાબાનું સોકતમીયાં મલેક ના ઈરાદા પુર્વક નીવેદનો નોંધવામાં આવેલ નથી જેઓના નીવેદન આપ નામદાર કોર્ટ ધ્વારા લેવામાં આવે તેવી નમ્ર વિનંતી છે તેમાં આ જ પ્રકારની દાદ માંગેલ છે. વધુમાં સદર કેસનાં કામે આંક-૧ વાળી ફરીયાદમાં પણ પેરા નં.(૯)(અ) માં સીઆર.પી.સી.ની કલમ-૨૦૦ મુજબ ફરીયાદી તથા સાક્ષીઓને એકઝામીન કરી જરુર જણાય તો ૨૦૨ ની ઈન્કવાયરી કરી અને ૨૦૪ માં પ્રોસેસ ઈસ્યુ કરી આગળની કાર્યવાહી કરવા ન્યાયનાં હીતમાં હુકમ કરવા મહે.કરશોજી.....પણ એવી જ રજુઆત કરેલ છે. તેઓની આંક-૨૨ નાં લેખીત વાંધા પછી તેઓએ આંક-૨૪ થી લેખીત દલીલો પણ રજુ કરેલ છે. જે દલીલો બાદ તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજ જે તે સમયના મહે.પ્રિસાઈડીંગ ઓફીસરશ્રીએ જા.નં.૭૦૪/૨૪ થી કોર્ટ ઈન્કવાયરી નં.૨૬/૨૨ ના

કામે તા.૮/૨/૨૩ ના રોજ આપશ્રી ધ્વારા કરવામાં આવેલ રીપોર્ટ અનુસંધાને *''અત્રેની અદાલતમાં ચાલતા કોર્ટ ઈન્કવાયરી નં.૨૬/૨૨ ના કામે ફરીયાદીના આક્ષેપો તથા આંક-૨૨ ના વાંધા મુજબ કુલ-૧૧ વીકટીમને ઈજાઅ કરવામાં આવેલ છે પરંતુ આપશ્રીના રીપોર્ટમાં ફકત ચાર જ વીકટીમના નીવેદનો નોધવામાં આવેલ છે અને ઝહીરમીયા રહેમાનમીયા તથા સહીદરજા શાબીરોદીન તથા સદામહુસેન સીદીકીનું જ મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલુ છે. જેથી કુલ-૧૧ ઈજા પામનારાઓમાં સહેજાદમીયાં સોકતમીયાં, મોહંમદ મોઈન ઈદ્રીસમીયાં મલેક, સકીલમીયાં જહાગીરમીયાં, મહંમદ સરીફ ઉર્ફે રાજુ કાલુમીયાં મલેક, આરીફમીયાં સુબામીયાં, સાકીરમીયાં ઉર્ફે સાદીકમીયાં સજજાદમીયાં મલેક, મકસુદાબાનું સોકતમીયાંના નીવેદન લેવામાં આવેલ નથી કે તેમના મેડીકલ સર્ટીફીકેટ પણ રજુ કરવામાં આવેલા નથી અને આપશ્રી ધ્વારા પોલીસ અધિક્ષકશ્રી આણંદનાઓએ પાઠવેલ વ્‍ગિતવારના અહેવાલ સાથે સહમત હોવા બાબતે અહેવાલ અત્રેની અદાલત તરફ મોકલી આપેલ છે તો ઉપરોકત વીકટીમના નીવેદન અંગે તથા મેડીકલ સર્ટીફીકેટ અંગે શું તપાસ કરવામાં આવેલ છે તે અંગે જરુરી રીપોર્ટ કરવા આપશ્રીને જણાવવામાં આવે છે.''* તે સબબની યાદી પાઠવેલ છે અને તે યાદી અનુસંધાને મુદતે આંક-૨૬ તથા આંક-૩૧ થી રેન્જ આઈ.જી. અમદાવાદ ધ્વારા મુદત રીપોર્ટ આપવામા આવેલ છે અને આંક-૩૧ વાળા રીપોર્ટ લગત *''સદર કામના ત.ક.અમલદાર આજ રોજ અત્રેની અદાલતમાં તેઓને સદર ઈન્કવાયરીના કામે બાકી રહેલ વીકટીમના નીવેદન લીધેલા ન હોઈ, જે નીવેદન લેવા માટે મુદત તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ રજુ કરવા માટે મુદત આપેલી. ત્યાર બાદ તા.૦૯/૦૧/૨૦૨૫ ના રોજ ડી.વાય.એસ.પી.શ્રી દીયોરા ધ્વારા અત્રેની અદાલતમાં હાજર રહી રીપોર્ટ આપતા અત્રેની અદાલતમાં તેઓને તા.૧૬/૧/૨૦૨૫ ના રોજ બાકી રહેલ જે વીકટીમ હોઈ તેમના નીવેદન જો તેઓ લેવા માંગતા હોઈ, તો તે લઈ રજુ કરવા માટે મુદત આપવામાં આવેલી. ત્યાર બાદ તા.૧૬/૦૧/૨૦૨૫ ના રોજ અત્રેની અદાલત રજા પર હોઈ જેથી તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ મુદત મુકરર કરવામાં આવેલી અને તે મુદતની જાણ ફરીયાદીના વકીલશ્રી ધ્વારા તે સબંધી મુદતની જાણ કર્યા અંગેનું સોગંદનામું અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે અને મુદત તા.૨૧૦/૧ /૨૦૨૫ ના રોજ ત.ક.અમલદારશ્રી હાજર રહેલા ન હોઈ જેથી તેઓને વીકટીમના તેઓ ધ્વારા જે કોઈ નીવેદન લેવામાં આવેલા તે નીવેદન રજુ કરવા માટે આજ*

રોજની મુદત તારીખ આપવામાં આવેલી છે અને આજ રોજ પણ ત.ક.અમલદારશ્રી દ્વારા મુદત રીપોર્ટ આપવામાં આવેલ છે અને તેના મુદત રીપોર્ટમા કેટલા સાહેદોના નીવેદનો લીધેલા છે અને કેટલાના લેવાના બાકી છે અને જો કોઈનાં લીધેલા હોઈ તો અત્રેની અદાલતમા આજ દિન સુધી કેમ રજુ નથી કર્યા તે અંગેનો કોઈ ખુલાસો આઈ.ઓ. દ્વારા તેમની અરજીમાં કરવામાં આવેલ નથી અને આઈ.ઓ. તરફે હાજર રહેલા અહેકો ઈમરાનખાન નજીરખાન બ.નં.૧૫૫ નાઓ હાજર રહી રીપોર્ટ રજુ કરેલ છે અને મૌખિક રીતે એવી રજુઆત કરેલ છે કે, ત.ક.અમલદાર દીયોરા સાહેબ આજ રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટમા કોઈ એટ્રોસીટીના કામે હાજર રહેલા છે જે રીપોર્ટ સામે ફરીયાદીનાં વિ.વ.શ્રી જી.એ.સૈયદ દ્વારા સખત વાંધો લેવામાં આવેલો અને એવી રજુઆત કરવામાં આવેલ છે કે જો આઈ.ઓ. ને નામદાર ગુજરાત હાઈકોર્ટમા હાજર રહેવાનું હોઈ તો તેની જાણ અગાઉથી આઈ.ઓ.ને કરવામાં આવે છે અને જો તેઓ જે કોઈ નામદાર અદાલતમાં હાઈકોર્ટમાં હાજર રહેલા હોઈ, તો તે અંગે યુ.ટયુબ લાઈવમાં પણ જોઈ શકાય છે તે સંજોગોમાં આઈ.ઓ. દ્વારા તેઓ હાઈકોર્ટમાં હાજર હોવા બાબતે સદર રીપોર્ટમાં પણ કોઈ ઉલ્લેખ કરેલ ન હોઈ, જેથી રીપોર્ટ નામંજુર કરવા વિનંતી કરેલ છે. સદર રેકર્ડ જોતાં અને ત.ક.અમલદારનો રીપોર્ટ ધ્યાને લેતાં ત.ક.અમલદારશ્રી દ્વારા તેમના રીપોર્ટમાં એવો ઉલ્લેખ કરેલ છે કે, તેઓને તા.૮/૨/૨૦૨૩ ના રોજ ઈન્કવાયરીનો રીપોર્ટ મોકલ્યા બાદ આશરે ૨૩ માસનો સમય થઈ ગયેલો છે. આમ, ત.ક.અમલદાર દ્વારા ૨૩ માસ સુધી સદર ઈન્કવાયરીના કામે આખરી ફાઈનલ રીપોર્ટ અગાઉ રજુ કરેલો હોઈ, જે રીપોર્ટમાં વીકટીમનાં નીવેદન લીધેલા ન હોઈ અને જેથી વીકટીમનાં નીવેદન લેવા માટે તા.૯/૧/૨૦૨૫ થી આજ દિન સુધીનો સમય આપેલો હોઈ અને આજ રોજ પણ તેઓના રીપોર્ટમા કેટલા સાહેદોના નીવેદનો લીધેલા છે અને કેટલા બાકી છે અને લીધેલા હોઈ તો કોર્ટમાં રજુ કરેલા નથી તેઓ કોઈ રીપોર્ટ કરેલ નથી. જેથી અગાઉ પણ ત.ક.અમલદારને તા.૧૬/૧/૨૦૨૫ ના રોજ રીપોર્ટ રજુ કરવા માટેની મુદત આપેલી હોવા છતાં તેઓ દ્વારા કોઈ નીવેદન રજુ કરવામાં આવેલા ના હોઈ જેથી ત.ક.અમલદારને વધુ કોઈ રીપોર્ટ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવે છે અને સદર ઈન્કવાયરી વર્ષ ૨૦૨૨ ના રોજની હોઈ અને ઘણો લાંબા સમય સુધી ત.ક.અમલદારને તપાસ કરવા માટે પુરતો સમય

*અને વ્યાજબી તકો આપેલી હોઈ તેમ છતાં રીપોર્ટ રજુ કરવામાં આવેલ ન હોઈ અને આજ રોજના રીપોર્ટમાં પણ કોઈ વ્યાજબી કારણો કે ખુલાસો રજુ કરેલ ન હોઈ અને તેઓ પોતે અન્ય તપાસના કામે રોકાયેલા હોવાનું જણાવેલ હોઈ, જે કોઈ વ્યાજબી કારણ જણાતુ ન હોઈ અને અત્રેની અદાલત દ્વારા તપાસ કરવા માટે જે હુકમ કરેલ છે તેની તપાસ કરવાની પણ તેની ફરજમાં આવતી હોઈ તેમ છતાં સમય આપવા છતાં જરુરી નીવેદન આજ દિન સુધી રજુ કરવામાં આવેલ ન હોઈ જેથી સદર રીપોર્ટને મંજુર કરવા પાત્ર જણાતો નથી અને ફરીયાદીના વિ.વ.શ્રીના વાંધા સાથે રીપોર્ટ નામંજુર કરવામાં આવે છે. હુકમની સમજ આજ રોજ ત.ક.અમલદાર તરફે હાજર રહેલા અ.હે.કો.ઈમરાનખાન નજીરખાન, બ.નં.૧૫૫ ની સહી મેળવી કરવાનો હુકમ કરવામાં આવે છે.* '' અને ત્યાર બાદ હાલની અરજી આપવામાં આવેલ છે. કાયદાની જોગવાઈ જોવામા આવે તો જો સેશન્સ ટ્રાયબલ ગુન્હો બનેલ હોવાનું જણાય આવે તો કોર્ટને બી.એન.એસ.એસ. ની કલમ–૨૨૫ (સીઆર.પી.સી. ની કલમ–૨૦૨) મુજબ તમામ હાજર સાહેદો તપાસવાની ફરજ પાડવામાં આવેલ છે.

## બી.એન.એસ.એસ.નીકલમ–૨૨૫(સીઆર.પી.સી.ની કલમ–૨૦૨)

(૧) જે ગુનાની વિચારણા શરુ કરવાનો પોતાને અધિકાર હોય તેની અથવા કલમ–૨૧૨ મુજબ પોતાને સોંપવામાં આવી હોય તેવી ફરીયાદ મળતા મેજીસ્ટ્રેટ પોતાને યોગ્ય લાગે તો, અને તેઓ તેમની હકુમત ધરાવતા હોય તે વિસ્તારની બહાર આરોપી રહેતો હોય તેવા કેસમાં આરોપી સામે કામગીરી હુકમ કાઢવાનું મુલતવી રાખી શકશે અને કાર્યવાહી માટે પુરતુ કારણ છે કે નહી તે નકકી કરવાના હેતુ માટે, તે કેસની જાતે તપાસ કરી શકશે અથવા પોલીસ અધિકારીને કે પોતાને યોગ્ય લાગે તે અન્ય વ્યકિતને પોલીસ તપાસ કરવા આદેશ આપી શકશે.

પરંતુ પોલીસ તપાસ માટેનો એવો કોઈ આદેશ નીચેના સંજોગોમાં આપી શકશે નહી : –

(એ) મેજીસ્ટ્રેટને એવુ જણાય કે ફરીયાદ કરવામાં આવી છે તે ગુનાની ઈન્સાફી કાર્યવાહી સેશન્સ ન્યાયાલય જ કરી શકે તેમ છે, અથવા

(બી) કોઈ ન્યાયાલય ફરીયાદ કરેલ ન હોય ત્યારે કોઈપણ ફરીયાદી અને હાજર હોય તે કોઈપણ સાક્ષીઓની કલમ–૨૨૩ હેઠળ સોગંદ ઉપર જુબાની લેવામાં આવી ન હોય તો.

(૨) (૨) માં પેટા કલમ–(૧) હેઠની તપાસમાં મેજીસ્ટ્રેટ, પોતાને યોગ્ય લાગે તો, સાક્ષીઓનો સોગંદ ઉપર પુરાવો લઈ શકશે.

પરંતુ મેજીસ્ટ્રેટને એવું જણાય કે જેની ફરીયાદ કરવામાં આવી છે તે ગુનાની ઈન્સાફી કાર્યવાહી સેશન્સ

ન્યાયાલય જ કરી શકે તેમ છે તો , તેણે ફરીયાદીને તેના તમામ સાક્ષીઓ રજુ કરવાનુ ફરમાવવું જોઈશે અને તેમની સોગંદ ઉપર જુબાની લેવી જોઈશે.

(૩) પોલીસ અધિકારી સીવાયની વ્યકિતએ પેટા કલમ-(૧) હેઠળ પોલીસ તપાસ કરેલ હોય તો, તે વ્યકિતને તેવી પોલીસ તપાસ માટે પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને આ સંહિતાથી મળેલીસ વગર વોરન્ટે પકડવા સીવાયની તમામ સત્તા રહેશે.

પરંતુ સદર કેસના કામે આંક-૧૦ વાળો પોલીસ રીપોર્ટ જોતાં હાલનાં તબકકે સેશન્સ ટ્રાયબલ ગુન્હો બને છે તેમ જણાય આવતું નથી. વધુમાં અત્રેની કોર્ટનું નમ્ર પણે માનવું છે કે, નામદાર હાઈકોર્ટ કે નામદાર સુપ્રિમ કોર્ટનો કોઈપણ ચુકાદો અત્રેની કોર્ટને પુર્ણત: બંધનકર્તા હોય છે અને આ કામે ફરીયાદીના વિ.વ.શ્રી ધ્વારા રજુ કરવામાં આવેલ ચુકાદો **RIKHAB BIRANI Vs. THE STATE OF UTTAR PRADESH,** તા.૧૬ એપ્રિલ ૨૦૨૫ ના ચુકાદાના પેરા નં.૨૮ તથા ૨૯ નીચે મુજબ છે.

**28.** The final report has to be prepared with these aspects in mind and should show with sufficient particularity and clarity, the contravention of the law which is alleged. When the report complies with the said requirements, the court concerned should apply its mind whether or not to take cognisance and also proceed by issuing summons to the accused. While doing so, the court will take into account the statement of witnesses recorded under Section 161 of the Code and the documents placed on record by the investigating officer.

**29.** In case of any doubts or ambiguity arising in ascertaining the facts and evidence, the Magistrate can, before taking cognisance, call upon the investingating officer to clarify and give better particulars, order futher investigation, or even record statements in terms of section 202 of the Code. પણ અત્રેની કોર્ટને બંધનકર્તા છે. નામદાર સુપ્રિમ કોર્ટનો ઉપરોકત ચુકાદો તથા

બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૫ (સી.આર.પી.સી.ની કલમ–૨૦૨) વંચાણે લેતાં અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે કે, નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદામાં તથા કાયદામાં કોર્ટને યોગ્ય લાગે તો બી.એન.એસ.એસ. ની કલમ–૨૨૫(સી.આર.પી.સી.ની કલમ–૨૦૨) ની (૨) માં પેટા કલમ–(૧) હેઠની તપાસમાં મેજીસ્ટ્રેટ, પોતાને યોગ્ય લાગે તો, સાક્ષીઓનો સોગંદ ઉપર પુરાવો લઈ શકશે. જેમાં સાક્ષીઓનો સોગંદ પર પુરાવો લેવો કે નહીં તે કોર્ટને વિવેકાધિકાર ઉપર છોડેલ છે એટલે કે કોર્ટને ડીસ્ક્રીશન આપવામાં આવેલ છે. સદર કેસના કામે કોગ્નીજન્સ લેતા પહેલાં અત્રેની કોર્ટને યોગ્ય લાગશે તે કાયદા મુજબનો નિર્ણય લેવાં કોર્ટ સ્વતંત્ર છે. કોઈપણ પક્ષકાર કોર્ટને કેવી રીતે કોગ્નીજન્સ લેતા પહેલા શું કરવાનું તે ફરજ પાડી શકાય નહી. જો કોર્ટને કોગ્નીજન્સ લેતા પહેલાં યોગ્ય લાગશે તો કોર્ટ સાહેદોને પોતાના વિવેકાધિકાર સત્તા મુજબ પોતે તપાસી શકે છે. જેથી હાલના તબકકે આ અરજી ગ્રાહય રાખવી ન્યાય ઉચિત જણાય આવતી ના હોય જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આ કામે ફરીયાદીની આંક–૩૩ વાળી અરજી નામંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તા.૨૮ મી, માહે–ઓગષ્ટ, સને ૨૦૨૫ નાં રોજ વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૨૮/૦૮/૨૦૨૫**
**સ્થળ : માતર**

**(નરેન્દ્રકુમાર)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**જજ કોડ નં. જીજે ૧૪૪૦**